નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રેગ્યુલર ગ્રાન્ટ ન ફાળવાય ત્યાં સુધી ૩૦%ની મર્યાદામાં ખર્ચ કરવા બાબત....

## હિસાબ નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

જા.નં. : આ.કૃ.યુ. / હિનિ / કંટ્રોલ શાખા / ૨૯૪ /૨૦૨૪

તા. : ૦૮-૦૪-૨૦૨૪

૬૨

## : : પરિપત્ર : :

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપના યુનિટ/સબ યુનિટમાં ચાલતી આઇ.સી.એ.આર. (૭૫%- ૨૫%)/આઇ.સી.એ.આર. ચાલુ સ્કીમો (૧૦૦%) / કે.વી.કે. / અધર એજન્સીની ચાલુ યોજનામાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓના નિયમિત પગાર ભથ્થા તેમજ કન્ટીજન્સી(રીકરીંગ) સદરે ફક્ત મસ્ટર બીલ, આઉટ સોર્સથી રોકેલ ઇસમોના પગાર, લાઇટ બીલ, ટેલીફોન બીલ, સીક્યોરીટી બીલ, સાફ-સફાઇ બીલ, ગેસ્ટ હાઉસ બીલ, ટેક્ષ અને વેરાઓ, પેટ્રોલ/ડીઝલ અને વાહન તેમજ લેબોરેટરી / ફાર્મ મશીનરીના રાખ-રખાવ અંગેનો ખર્ચ જેવી આવશ્યક સેવાઓ માટે જ્યાં સુધી ગ્રાન્ટ ફાળવણીના હુકમો ન થાય ત્યાં સુધી જે તે યોજનામાં ગત વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટનાં ૩૦%ની મર્યાદામાં (પ્રપોઝડ ગ્રાન્ટ)માં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જુલાઇ-૨૦૨૪ સુધી જ ખર્ચ કરવાનો રહેશે.

આપની કચેરીમાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓના પગાર-ભથ્થા બાબતના તફાવત (એરીયર્સ) બીલો, મુસાફરી ભથ્થાના બીલો, મેડીકલ રીમ્બર્સમેન્ટના બીલો, એલ.ટી.સી.ના બીલો તેમજ ઉકત આવશ્યક સેવાઓ સિવાયના બીલો જ્યાં સુધી જે તે યોજનામાં રેગ્યુલર ગ્રાન્ટ ફાળવવામાં ન આવે ત્યાં સુધી કોઇ પણ જાતનો ખર્ચ કરવો નહી. વધુમાં આઇ.સી.એ.આર. કે અધર એજન્સીની એડહોક યોજનાઓ કે જે ટૂંકા ગાળા કે મર્યાદિત સમય-મર્યાદા માટે મંજૂર થયેલ હોય અને ચાલુ વર્ષ દરમ્યાન ઓપનીંગ બેલેન્સ ઉપલબ્ધ હોય અથવા તો જે તે એજન્સી તરફથી ગત વર્ષની બંધ સિલક ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન વાપરવા કે ખર્ચ કરવા માટે ભલામણ અથવા તો મંજૂરી મળેલ હોય તેવા સંજોગોમાં જ ફક્ત આવશ્યક સેવાઓ અંગેના બીલોનો ખર્ચ કરવાનો રહેશે. વધુમાં આઇ.સી.એ.આર. કે અધર એજન્સીની એડહોક યોજનાઓની સમય-મર્યાદા પૂર્ણ થયેલ હોય કે યોજના બંધ થયેલ હોય તેવી યોજનાઓમાં કોઇ પણ પ્રકારનો ખર્ચ કરવાનો રહેશે નહી પરંતુ જો કોઇ આવી યોજનાઓમાં પ્રપોઝડ ગ્રાન્ટમાં કોઇ પણ પ્રકારનો ખર્ચ કરવામાં આવશે અને ભવિષ્યમાં ગ્રાન્ટ બાબતે જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કચેરીના યુનિટ અધિકારી અને ઉપાડ અને ચૂકવણા અધિકારીની રહેશે.

આપની કચેરી હસ્તક ચાલતી પ્લાન/નોન પ્લાન યોજનાઓ સિવાયની તમામ પ્રકારની યોજનાઓમાં સમયસર ગ્રાન્ટ મેળવવા સક્ષમ અધિકારીશ્રી મારફત જે તે ફંડીગ એજન્સીને દરખાસ્ત કરી જુલાઇ-૨૦૨૪ પહેલા ગ્રાન્ટ મેળવી લેવાની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

સદર પરિપત્ર યુનિવર્સિટીના હિતમાં માન.કુલપતિશ્રીએ આપેલ મંજૂરી અનુસાર જારી કરવામાં આવે છે.

(આર.એચ. ગોંડલિયા)
હિસાબ નિયામક

નકલ રવાના જાણ અને અમલ સારૂ :-

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીના યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

(૨) તમામ કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૩) હિસાબી અધિકારીશ્રી (પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

નકલ સવિનય રવાના :-

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૨) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.